અસૂર્યલોક

ભગવતીકુમાર શર્મા

ચિત્રકાર
જગદીપ સ્માર્ત

एकः सूते सकलम्

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા

ISBN 81-237-2181-1

1997 (*શક 1919*)

ASOORYALOK- (*Gujarati* original) - An abridge edition of the novel by Bhagwatikumar Sharma

રૂ. 8.00

નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા,
એ-5, ગ્રીન પાર્ક, નવી દિલ્હી-110 016 દ્વારા પ્રકાશિત

સાંજટાણાના આથમતા સૂર્ય જેવું ઝાંખું ને ઉદાસ ત્યારે આ નગર હતું. સાઠેક વર્ષ પહેલાં નગરનાં નાનાં, કાચાં ઘરોમાંથી સ્ત્રીઓના ચૂલા અને બ્રાહ્મણોનાં અગ્નિહોમનો ધુમાડો ચકરાતો અને આકાશમાં ઓગળી જતો.

શહેરના સાંકડા, અસમથળ, ભીડ વિનાના રસ્તાઓ પરથી આંખોની જગ્યાએ માત્ર બે ખાડા ટકાવીને જીવતા માણસો પણ કોઈના આધાર વિના ચાલી શકતા. એવા એ સમયના નરવા, નિરાંતવા નગરમાં આંખોની ચિકિત્સા માટે પહેલવહેલું ડૉ. શ્રીધર તાંજોરકરનું દવાખાનું ઊઘડ્યું હતું. જેનું ધુમ્મસમાં ભળી ગયેલું પાટિયું નિગમશંકર ભદ્રશંકર ત્રિવેદી જેવા પંડિત પણ વાંચી શકે તેમ ન હતા, પણ...

નિગમશંકરને એ પળ વર્ષો પછી પણ યાદ હતી. સોળેક વર્ષની વયનો નિગમ પાઠશાળામાં સંસ્કૃત ભણીને ઘરે પાછો ફરતો હતો. બપોરી વેળા હતી. તડકાની ઝળાંઝળાં ક્ષણે અચાનક નિગમની આંખો આડે અંધારાનો પડદો રચાઈ ગયો. શરીરમાં તાવ અને કળતરનો સબાકો અનુભવાયો. એ રાત્રે તેનું શરીર શીતળાના દાણાઓથી ભરાઈ ગયું. શીતળાના ફણીધરે સૌથી કારમા ડંખ માર્યા નિગમની આંખો પર. બંને દીવા રામ થયા.

ભદ્રશંકરે સંતાપ કર્યો : ‘મારાં પાપની સજા નિગમને



ભોગવવાનો વારો આવ્યો.' નિગમની મા ચંચળ ભદ્રશંકરની ત્રીજી પત્ની હતી. તેણે વલોપાત કરતા ધણીને દિલાસાના બે બોલ ન કીધા. તે સમજતી હતી : બાપે કરેલાં પાપ દીકરાની આંખોમાં જઈ પોકાર્યાં હતાં. પિતા-પુત્ર વચ્ચે સગપણ હતું, સામ્ય ન હતું. તે સુલક્ષણા દીકરા ને કુલક્ષણ પતિની વચ્ચે જીવતી હતી.

અંધાપાની કળ વળ્યા પછી નિગમે ફરીથી પાઠશાળાએ જવા માંડ્યું. કોઈક સભામાં ભાગ લેવા કાશીથી આવેલા પંડિત વિનોદાનંદ ઝાને નેત્રહીન નિગમની જિજ્ઞાસામાં રસ પડ્યો. તેઓ નિગમને વિદ્યાભ્યાસ માટે કાશી લઈ ગયા. વારાણસીની પાઠશાળામાં નિગમશંકરે બાર વર્ષ સુધી ભારતીય વિદ્યા અને દર્શનશાસ્ત્રનો અભ્યાસ કર્યો. કંઠસ્થ અને હૃદયસ્થ વિદ્યાઓના તેઓ સ્વામી બન્યા. અદર્શનની મર્યાદા જ્ઞાનદર્શનથી હઠી. પોતાના શહેરમાં મોટી પાઠશાળા સ્થાપવાના હેતુથી તેમણે પોથીઓ અને પુસ્તકોનો વિશાળ સંચય કર્યો.

કાશીમાં પહેલાં માના મૃત્યુના અને પિતાની માંદગીના સમાચાર મળ્યા. અહીંનું અધ્યયન સમાપ્ત થયું હતું. તેમણે કાશી, પાઠશાળા, ગંગા અને બાબા વિશ્વનાથને પ્રણામ કર્યાં.

નિગમશંકર વતન પાછા ફર્યા ત્યારે ભદ્રશંકરના છેલ્લા દિવસો ચાલતા હતા. બેહદ વિલાસને કારણે કાયા અનેક રોગોથી વીંધાઈ ગઈ હતી. તેમની બંને આંખો મોતિયામાં ગઈ હતી. તેમણે કહ્યુંઃ 'નિગમ, દીકરા તારો ગુનેગાર છું. તારે તારી નવી માને પાલવવી પડશે!'

નવી મા! નિગમશંકર ક્રોધ અને પીડાથી હચમચી ઊઠ્યા. નારી કંઠનું ડૂસકું સંભળાયું. કદાચ એ જ નવી મા હતાં.

નિગમશંકર બોલ્યાઃ 'મા, પ્રણામ!'

એ રાત્રે ભદ્રશંકરે પ્રાણ છોડ્યા. નવી માની ચૂડીઓ ફૂટી. કપાળમાંનો ચાંદલો ભૂંસાયો. તેના સાક્ષી થવા પોતાની પાસે આંખો ન હતી તે નિગમશંકરને રૂડું લાગ્યું. પણ હૃદયમાં પ્રશ્નો ઊઠ્યા : મારાથી માંડ પાંચેક વર્ષ મોટાં નવી મા શા માટે વૈધવ્ય વેંઢારે? એ શા સારુ સજા ભોગવે? વળી એક પ્રશ્ન. હવે પછી ઘરમાં હશે જુવાન વિધવા અને આંખે અંધ પણ શરીરે જુવાન એવો હું! કેમ વીતશે સમય?

એક દિવસ નવી માએ તેમને પાસે બોલાવી કહ્યુંઃ 'નિગમશંકર, સાંભળ્યું છે કે તમે કાશી જઈ મોટા પંડિત થયા છો?'

'હું કાશીના જ્ઞાનામૃતે પોષાણો છું મા!'

'મને 'મા' ન કહો. હું ઉંમરમાં...'

'મહિમા વયનો નહિ, પદનો છે. તમે મારાં માતૃપદે છો.'

'એ સગપણ મારે માથે પરાણે લદાયેલું છે. સાચું સગપણ સ્નેહનું. મને સ્નેહ જોઈએ છે.'

નિગમશંકર ઊભા થઈ ચાલ્યા ગયા.

વળતી સવારે નિગમશંકર વેદપાઠ કરતા હતા. તેમણે પગરવ સાંભળ્યો. કોઈ તેમની પાસે બેસી ગયું.

'હું છું નિગમ!' નવી માનો સ્વર વર્તાયો : 'રહેવાયું નહિ. તારી પાસે ચાલી આવી.'

'તમે આ મંત્ર સાંભળો મા!'

'મંત્ર નહિ, તમારી મીઠી વાણી.'

'વેદમંત્રોથી વધારે મીઠું બીજું શું હોય? જે વાણીમાં હરિનો મહિમા ગવાય તે જ સૌથી મીઠી મા!'

'મને "મા" ન કહો નિગમ! કાંટા ભોંકાય છે.'

'તમે ચંચળ બન્યાં છો મા! જાઓ હરિનામ લેતાં સુખેથી સૂઈ જાઓ. હજી સવાર વેગળી છે.'

'મારી ઊંઘ વેરણ છે! ચાલ નિગમ, આપણે પરણી જઈએ!'

'આપણો સંબંધ મા-દીકરાનો છે એ પળવાર માટે ય કેમ વિસરાય મા?'

'મનનો સંબંધ સહુથી મોટો નિગમ! નિગમ! મારા નિગમ! મારી તરસ-- અને નવીમાનું શરીર નિગમશંકરના ખોળામાં...'

નિગમશંકર ઊભા થઈ ગયા, બોલ્યા : 'હું આજે જ કાશી ચાલ્યો જઈશ, અન્નજળ પણ નહિ લઉં -- જો તમે આ જ રીતે--'

નવી માનાં આંસુના બંધ તૂટી ગયા.

થોડા દિવસ પછી નવી માએ પૂછ્યું : 'નિગમશંકર, તમે લગ્ન કેમ નથી કરતા?'

'હું અંધ છું મા! મારા જેવાને દીકરી આપી કયાં મા-બાપ છતી આંખે આંધળાં સાબિત થાય?'

'અંધાપા સિવાય તમારામાં કોઈ ખોડ નથી. ભલભલાને આંજી નાખે તેવી તમારી વિદ્યા છે'

'એ વાત જવા દો મા!'

'હું તમને સુખી કરી શકું તેમ નથી, પણ હું તમને સુખી જોઈને મરીશ.' નવી માએ કશોક વિચાર કરીને ઉમેર્યું : 'તમે મારી બહેનની દીકરી ભાગીરથી સાથે પરણશો?'

અને એક દિવસ ભાગીરથી નિગમશંકરના જીવન અને ઘરમાં પ્રવેશી. નિગમશંકરે તેને કહ્યું : 'તું મને આંખો આપજે; હું તને દૃષ્ટિ આપીશ. તું મને એક પુત્ર આપજે. સૂર્ય જેવો


Jagdeep Smart.

તેજસ્વી.'

નિગમશંકરે બે'ક વર્ષ પછી જન્મેલા પુત્રનું નામ રાખ્યું તિલક. પછી તેમણે સોડમાં બાળકને લઈને સૂતેલી ભાગીરથીને એક જ પ્રશ્ન કર્યો : 'રથી, છોકરાની આંખો તો સાજી-સારી છે ને?'

શેરીમાં રમવાનું બહુ ગમતું તિલકને – ખાસ કરીને આંધળા પાડાની રમત. આંખે પાટા બાંધવાના અને આસપાસ ભિલ્લુઓ શોર મચાવતા હોય તેઓને અવાજને આધારે શોધી પકડવાના. ઘરમાં બાપુજી પણ આવું જ કંઈક કરતા હતા ને?

ટૂંકી બિમારીમાં નવી મા ચાલ્યાં ગયાં. તિલક ભાગીરથી કરતાં નવી મા પાસે વધારે રહેતો. આથી જ નવી માનો ખોળો એકાએક છીનવાઈ ગયો ત્યારે તિલકને પહેલીવહેલી વાર કશીક ન સમજાય તેવી ઝાંખપનો અનુભવ થયો.

નિગમશંકરનું જૂનું, સાંકડું, અંધારિયું ઘર શેરીની વચોવચ હતું. નિગમશંકરના વિદ્યાર્થીઓ વહેલી સવારે વેદ ભણવા આવતા. તેમનો વડો શિષ્ય દુર્ગાશંકર અંધ ગુરુનું ઘણું કામ સંભાળી લેતો. તે સ્વજન જેવો હતો.

એક સાંજે તિલક નિશાળેથી કંઈક વહેલો ઘેર આવ્યો. તેની આંખો આંસુભીની હતી. 'મારે અંગ્રેજી નથી ભણવું બાપુજી...!' તે છુટ્ટે મોંએ રડી પડ્યો.

બન્યું હતું આ પ્રમાણે : એક દિવસ તિલકને શાળામાં કાળા પાટીયા પર શિક્ષકે ચાકથી લખેલા શબ્દો ન વંચાયા. પરિસ્થિતિ સમજાતાં શિક્ષકે તેને કહ્યું : 'ત્રિવેદી તારી આંખો નબળી છે. તારે ચશ્માં લેવાં પડશે, નહિતર તું ભણી કેમ શકશે?'

તિલક રડતો ઘેર આવ્યો. બીજે દિવસે ચિંતાતુર નિગમશંકર તિલક અને શિષ્ય દુર્ગાશંકરની સાથે આંખના દાકતર શ્રીધર તાંજોરકરને દવાખાને પહોંચ્યા. દાકતરે તિલકની આંખો તપાસી આંખનો નંબર કાઢી આપ્યો : 'માઈનસ ચાર અને સાડાચાર,' પછી કહ્યું: 'મહારાજ, આ છોકરાને કાલને કાલ સ્કૂલમાંથી ઊઠાડી લો. તેની આંખો બહુ નબળી છે.' દાકતરે તિલકને કહ્યું : 'જો છોકરા, તારું ભણવાનું આજથી બંધ. ચોપડીઓને તારે હાથ પણ ન અડાડવાનો.'

તિલકને થયું : એની ભીતર ચકલીનાં ઢગલો ઈંડાં ઊંચેથી પડીને ફૂટી રહ્યાં હતાં.


નિગમશંકરે દાકતરને કહ્યું : 'હું સોળ વર્ષનો હતો ત્યારે શીતળાના કોપમાં મારી બંને આંખો ગઈ. તે પછી જ મારું ખરું વિદ્યાજીવન શરૂ થયું. સાક્ષાત્ શીતળામાતા પણ મારા તિલકને ભણતો નહિ રોકી શકે.' દવાખાનાની બહાર નીકળીને તેમણે તિલકને પૂછ્યું :

'દીકરા, તું નિશાળે તો જઈશ ને? દાકંતરની વાતથી ગભરાતો નથી ને?'

'ના, બાપુજી, હું સ્કૂલે જઈશ.'

ઘરે જઈને નિગમશંકર પોતાના પુસ્તકખંડમાં ગયા. એક પોથી પોતાની બંને આંખે અડાડી તેઓ બોલ્યા : 'મા, મારા દીકરાની વિદ્યાભાવનાના દીવાને ઠરવા ન દેતાં.'

તિલકને ચશ્માં આવ્યાં. ઘરમાં હતી તે બધી જ ચોપડીઓ તેણે વાંચવા માંડી. તેને વિચાર આવ્યોઃ ઘરના વાડામાં પારિજાતના ઝાડની બાજુમાં ચોપડીઓનું ઝાડ ન ઉગાડી શકાય?


R
B

નિગમશંકરની પડોશમાં શાસ્ત્રીય સંગીતકાર પંડિત રમાનાથ રહેવા આવ્યા. તેમના દીકરા અભિજિતનું તિલકને વધારે આકર્ષણ થયું. કેમકે તે સિતાર સારી વગાડતો હતો. અભિજિત તિલકથી વયમાં થોડોક મોટો હતો, પણ બંને વચ્ચે દોસ્તી થતાં વાર ન લાગી.

રમાનાથની પુત્રી સત્યા ખૂબ મસ્તીખોર અને અલ્લડ હતી. પિતાજી કોઈ રાગની સાધના કરતા હોય ત્યારે તે બાજુના ખંડમાં ફિલ્મી ગીતના રાગડા તાણવા લાગતી.

ચશ્માં આવ્યા પછી તિલકનું રમવાનું ઓછું થઈ ગયેલું. કેટલાંયે વરસોથી તેણે ક્રિકેટના દડાને હાથ નહોતો લગાડ્યો. ઉતરાણમાં પતંગ ચગાવવા તે છાપરેય જતો નહિ. એક વાર સત્યાના આગ્રહથી તે ગયો, પણ સત્યાએ તેને પતંગ ચગાવવાને બદલે ફિરકી પકડવા કહ્યું અને તે છાપરેથી ઊતરી પડ્યો. પાછળથી સત્યાએ મહેણું માર્યું : 'સોડાની બાટલી જેવાં તો તારાં ચશ્માં છે... તું શી રીતે પતંગના પેચ લઈ શકવાનો હતો?'

એક દિવસ તિલક અભિજિતને કહે : 'અભિભાઈ, મને સિતાર વગાડતાં શીખવો?'

સત્યા પાસે જ બેઠી હતી. હસીને ચાળા પાડતી તે બોલી: 'તું સિતાર શીખશે? સોડાની બાટલીના કાચ જેવાં ચશ્માંમાંથી તને સિતારના તાર દેખાશે--?'

તિલકે માત્ર સ્મિત કર્યું.

'તું ખોટું ખોટું ભલે હસે; પણ તિલક, અભિભાઈ તને જયજયવંતી શીખવતા હશે ત્યારે હું તારા પર ડ્રાઉં ડ્રાઉં કરતો દેડકો છોડી મૂકીશ!'

હવે તિલક મોટેથી હસી પડ્યો. તેને આ છોકરી ગમતી હતી કે શું?

□

શહેરમાં ગોરધનશેઠને ત્યાં મોટો યજ્ઞ યોજાયો હતો. તેની જવાબદારી નિગમશંકર અને તેમના શિષ્યોને સોંપાઈ હતી. ગોરધન શેઠના એક સંબંધી પ્રા. નિકુંજ મહેતા તેમના અમેરિકન મિત્ર રોબર્ટની સાથે યજ્ઞનો વિધિ જોવા મુંબઈથી આવ્યા હતા. રોબર્ટને ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને વિદ્યાઓમાં ઘણો રસ હતો. તે અને નિકુંજભાઈ નિગમશંકરના જ્ઞાનથી ઘણા પ્રભાવિત થયા અને તેઓએ તેમના ગ્રંથભંડારમાં જોવાની ઇચ્છા દર્શાવી. એક સાંજે તેઓ નિગમશંકરના જૂના ઘેર ગયા. તિલકે ઓરડો ઉઘાડી તેઓને ગ્રંથભંડાર બતાવ્યો. નિગમશંકરે કહ્યું : 'ગોરાભાઈ, નિકુંજભાઈ, હું અકિંચન, પણ આ પુસ્તકો જ મારું અનર્ગળ ધન. આ પુસ્તકો અને પોથીઓને હું સગી આંખે જોઈ શક્યો નથી, પણ મેં તેઓને સૂંઘ્યાં છે, પીધાં છે, છાતીએ ચાંપ્યાં છે. આ પુસ્તકોએ મારા અંધાપાને સહ્ય બનાવ્યો છે. મારા ગુરુઓ મારી પહેલવહેલી આંખો બન્યા. પછી આ પુસ્તકોએ જ મારી આંખોનું સ્થાન લીધું. મારી સ્મૃતિ મારી દષ્ટિ બની. મારો તિલક મારી આંખો બની શકે ખરો? દૈવ જાણે!'

નિકુંજભાઈ અને રોબર્ટે નિગમશંકરને સામવેદના મંત્રો સંભળાવવાની વિનંતી કરી. તેમણે તેનો સ્વીકાર કર્યો. પ્રસન્ન થયેલા નિકુંજભાઈએ પિતા-પુત્રને દક્ષિણા આપવા માંડી. બંનેએ તે ન લીધી.

□

તોફાની સત્યા વારેવારે તિલકની નબળી આંખોની, જાડા કાચના તનાં ચશ્માંની મશ્કરી કરતી હતી તે તિલકને નહોતું ગમતું. એવા એક પ્રસંગે તેણે તેને કહી દીધું : 'જો સત્યા, નબળી તો નબળી પણ આ મારી આંખો છે. એને વિશે હવે હું તારો કે કોઈનો એક પણ શબ્દ નહિ સાંભળું. મારી આંખો જેવી છે તેવી પણ મને કામ આવે છે. તેનાથી જ હું વાંચું-લખું છું. આટલે સુધી તો ભણ્યો છું. હજી ભણીશ, ખૂબ ભણીશ. બી. એ. થઈશ, એમ. એ. થઈશ તેનાથી એ વધારે ભણાતું હશે તો ભણીશ. છેક આંધળો થઈ જઈશ તો બ્રેઇલ લિપિથી વાંચીશ, પુસ્તકોના પુસ્તકો મોઢે કરીશ.'

તિલકે આગળ કહ્યું: 'તારી આંખો ખૂબ સારી છે, પણ શો ઉપયોગ કરે છે તું તેનો? મેં તને કોઈ દિવસ ખાસ કશું વાંચતાં નથી જોઈ.' પછી તિલકે ધીમા સાદે ઉમેર્યું : 'યાદ રાખજે સત્યા, હું મારી આંખો છેક ગુમાવી દઈશ તોયે તારી પાસે એક ચબરખીયે વંચાવવા નહિ આવું...'

તિલકના આ શબ્દોએ સત્યાને ધીરગંભીર બનાવી. તે બોલી: 'હું બહુ જ ખરાબ છોકરી છું, નહિ તિલક?'

'જરાયે નહિ. તું નિખાલસ છે, ક્યારેય કોઈ વાતે ગંભીર બનતી નથી.'

'પણ તારી વધારે પડતી ગંભીરતાથી અકળાઈ જઈને હું હદ બહારનું તોફાન કરી બેસું છું.

'ચાલ, આપણે તોફાન અને ગંભીરતાની થોડી થોડી અદલાબદલી કરી લઈએ!' તિલકે હસીને કહ્યું.

સત્યા ગંભીરતાથી બોલી : 'તિલક, મારા તોફાનને તું આજે ટોકે છે, પણ જોજે, મારું બધું તોફાન જોતજોતામાં ક્યાંનું ક્યાં ચાલ્યું જશે અને હું એટલી ગંભીર બની જઈશ કે તું મને ઓળખી પણ નહિ શકે.'

'અને તું ત્યારે મને આટલી પણ નહિ ગમે સત્યા!'

'એટલે? એટલે તું એમ કહેવા માગે છે કે હું તને થોડીક પણ ગમું છું?'

તિલક અને સત્યા વચ્ચેનો સ્નેહ દિવસે દિવસે વધતો ગયો.

મેટ્રિકની પરીક્ષા આપ્યા પછી એક વાર તિલકે નિગમશંકર પાસે વેદ શીખવાની ઇચ્છા વ્યક્ત કરી. નિગમશંકર તો રાજીરાજી થઈ ગયા. બીજે દિવસે મળસ્કે તેમણે તિલકને વેદ શીખવવાની શરૂઆત કરી, એક વેદમંત્રનો અર્થ સમજાવતાં તેમણે કહ્યું : 'આ મંત્રમાં સોમદેવતાની પ્રાર્થના છે. કહે છે : હે સોમદેવતા, મને ગામ, ઘોડો, અને કર્મવીર પ્રજા આપો; ધીર, મંડળી અને સભા માટે યોગ્ય પુત્ર આપો જે પિતાની કીર્તિ વધારે.' તે સાથે નિગમશંકરે મનોમન પ્રાર્થના કરી : 'હે સોમદેવતા, તમે મને પુત્ર આપ્યો છે તો તેને કર્મવીર અને ધીર, સભા તેમ જ મંડળી માટે યોગ્ય બનાવજો.'

□

શહેરને અડીને આવેલી નદીમાં બહુ મોટું પૂર આવ્યું. તિલક કૉલેજના ઇન્ટર આર્ટ્સમાં ભણતો હતો. પૂરનાં પાણીનો ધસારો પહેલાં કૉલેજ ભણી હતો, પછી તે શહેરમાં રેલાતાં. શહેરને રક્ષતા કોટની દીવાલમાં મોટાં ગાબડાં પડ્યાં. જોતજોતામાં આખું શહેર પાણીથી ઘેરાઈ ગયું. નિગમશંકર અને રમાનાથનાં ઘર જે

શેરીમાં હતાં ત્યાં પણ પૂરનાં પાણી ધસી આવ્યાં. ચોમેર ગભરાટ ફેલાયો. રમાનાથ, સત્યા વગેરે તેમના મકાનની અગાશીમાં ચઢી ગયાં. નિગમશંકરના ઘરને અગાશી નહોતી, છાપરું હતું. પિતા અને માતાને છાપરે પહોંચાડવા તિલક નિસરણી લઈ આવ્યો.

ઘરમાં કમ્મરપૂર પાણી થઈ ગયાં હતાં અને વધતાં જતાં હતાં. નિગમશંકરે તિલકને કહ્યું : 'આ પાણી મારું સર્વસ્વ લેવા માટે જ આવ્યાં છે. દીકરા, નિસરણીથી આપણે તો કદાચ બચી જઈશું, પણ પૂરનાં પાણી મારાં અમૂલ્ય પુસ્તકો અને પોથીઓને....!'

તિલક ફાનસ લઈને પુસ્તકોવાળા ઓરડા તરફ ગયો. તેને આશા હતી : હજી કદાચ પાણી ત્યાં સુધી ન પહોંચ્યાં હોય તો પુસ્તકો, પોથીઓ ખસેડી લેવાય.... પાછળ નિગમશંકરનો સાદ સંભળાતો હતો : 'રહેવા દે દીકરા! તું જ મારો જીવતો-જાગતો ગ્રંથભંડાર છે... તું હશે તો બધું....'

તિલક જેમ તેમ પુસ્તકોવાળા ઓરડા પાસે ગયો. તેનું હૃદય જાણે થંભી ગયું. બારીઓ, જાળીયાં, તિરાડોમાંથી પાણી ગ્રંથભંડારમાં ફેલાઈ ચૂક્યાં હતાં.

બોતેર કલાકે પૂરનાં પાણી ઊતર્યાં. ઘરમાં ઘણું નુકસાન થયું હતું. સૌથી વધારે માઠી અસર પુસ્તકોવાળા ઓરડામાં થઈ હતી. નિગમશંકરે જીવની માફક જાળવેલાં અમૂલ્ય પુસ્તકો અને પોથીઓ પૂરનાં પાણીમાં નાશ પામ્યાં હતાં. તે જોઇને તિલકનું હૃદય દુઃખથી ફાટી પડ્યું. તેને ખરી ચિંતા બાપુજીની થતી હતી : તેઓ આ આઘાત કેમ જીરવી શકશે?

નિગમશંકર પહેલાં તો મૂઢ જેવા બની ગયા, પણ પછી

ધીમે ધીમે તેમને કળ વળી. તેમના હૃદયે બળ મેળવ્યું. તેઓ બોલ્યા : 'તિલક, હવે આ ઘરમાં બે જ ગ્રંથો રહ્યા : એક હું અને બીજો તું. હવે હું ઝાઝો વ્યથિત નથી. વાવાઝોડું આવીને મારી અંદરથી પસાર થઈ ગયું છે. પુસ્તકો અને પોથીઓ તો પાણીમાં વહી ગયાં, પણ હજી હું છું અને તું છે. વરુણદેવ આપણને તાણી જઈ શક્યા નથી. આખો ગ્રંથભંડાર મારી છાતીમાં, નસોમાં અને કંઠમાં અકબંધ છે. વરુણદેવ તેનો એક કાંગરોયે ખેરવી શકતા નથી. આપણે બે મળીને આ નષ્ટ ભંડારને ફરીથી સજીવન ન કરી શકીએ તિલક?' બોલતાં બોલતાં તેઓ બેશુદ્ધ બની ઢળી પડ્યા. થોડીવારે ભાનમાં આવ્યા અને બોલ્યા : 'હવે મારા શરીરનો ભરોસો નથી. ભાગીરથી, છેવટ સુધી તું મારી પડખે રહેજે! અને તું પણ તિલક!'

'આવું શું બોલતા હશો? હજી તો તમારે તિલકને તમારા જેવો વિદ્વાન બનાવવાનો છે.' ભાગીરથીબાએ કહ્યું.

પૂર ઊતરી ગયાં. તિલક અને સત્યા પૂરથી તારાજ થયેલા શહેરમાં ફરતાં ફરતાં નદીકાંઠે ગયાં. તિલકને નદી ઉપર તિરસ્કાર ઊપજ્યો, પણ સત્યાએ તેને સમજણ આપી : 'નદી ક્યારેય કાંઈ લૂંટતી નથી. કશુંક આપી જાય છે.'

'હું ઋષિ હોત તો આ નદીને શાપ આપત.' તિલકે કહ્યું.

'મા સાથે આટલું રિસાવાનું ન હોય. એ જ બધું પાછું ભરપૂર કરી દેશે. હું સ્ત્રી છું, નદીને વધારે ઓળખું છું.' સત્યાએ કહ્યું, પછી ઉમેર્યું : 'આ નદીની તારે દયા ખાવાની હોય. એ પોતે જ ઓશિયાળી બની ગઈ છે. હંમેશાં એ તારા બાપુજીની જીતનું ગીત ગાતી રહેશે.'

તિલક ઘેર આવ્યો એટલે નિગમશંકરે તેને પૂછ્યું : 'તું નદીએ ગયો હતો? તેં નદીને નમસ્કાર કર્યા?' તિલક ખંચકાયો એટલે તેમણે કહ્યું: 'નદીને તો પ્રણામ જ હોય દીકરા! પૂર ગયાં, વાત ગઈ. પુનશ્ચ હરિ ૐ!'

તે રાતે તિલકે નિગમશંકર પાસે ઉપનિષદ શીખવાની શરૂઆત કરી.

□

તિલક કૉલેજમાં બી. એ.માં આવ્યો. ગોરધન શેઠની દીકરી ઈક્ષા ભણવામાં એનાથી એક વર્ષ આગળ હતી. તિલકનો વાંચવાનો રસ ઘણો વધ્યો હતો. શહેરના પુસ્તકાલયમાં તે નિયમિત જતો. પુસ્તકાલય સાવ જરીપુરાણું અને અવ્યવસ્થિત હતું. કાળજીને અભાવે તે ખંડેર જેવું બનતું જતું હતું. તિલકને તેનાથી ઘણું દુઃખ થતું. પુસ્તકાલયને વ્યવસ્થિત અને નવું બનાવવું જોઈએ એવો વિચાર તેના મનમાં ઘોળાયા કરતો.

પુસ્તકાલય ટ્રસ્ટી મંડળ દ્વારા ચલાવાતું. તેના પ્રમુખ ગોરધન શેઠ હતા. તિલક એક દિવસ તેમને ઘેર ગયો. પુસ્તકાલયમાં વધારે રસ લેવાની તેણે તેમને વિનંતી કરી. તે સ્વીકારીને બદલામાં તેમણે તિલકને કહ્યું : 'પણ આ કામ મારું એકલાનું નથી. એ કામ ખાસ કરીને તારું છે તિલક! અને ઈક્ષાનું પણ.'

તિલકે કહ્યું : 'આજે હું આપને બંનેને વચન આપું છું -- હું ડૉક્ટરી મેળવીશ તોયે કામ તો શહેરની આ લાયબ્રેરીમાં જ કરીશ; બીજી કોઈ નોકરી નહીં સ્વીકારું.' પછી તે બોલ્યો : 'બાપુજીનાં પુસ્તકો અને પોથીઓ નદીના પૂરમાં નાશ પામ્યાં તે પછી ખંડેર જેવી આ લાયબ્રેરી સાથે મારું મમત્વ બંધાતું ગયું છે. હું તેમાં મારા

બાપુજીના ગ્રંથભંડારની છબી જોઈ રહ્યો છું. આ લાયબ્રેરી માટે હું થોડુંક પણ કરી શકું તો બાપુજીનાં પુસ્તકો ગયાં તેનો ઘા હળવો થશે.'

ગોરધનશેઠ અને ઈક્ષાએ તેને સહકારનું વચન આપ્યું. તિલક અને ઈક્ષા વચ્ચે ભાઈ-બહેનનો સંબંધ બંધાયો.

□

શહેરથી થોડેક દૂર, નદીકાંઠે આવેલ સોમપુર ગામમાં મોટો યજ્ઞ યોજાયો હતો. નિગમશંકરને ત્યાં જવાનું હતું. તેમનો શિષ્ય દુર્ગાશંકર હવે અમદાવાદ રહેતો હતો. તિલક બાપુજીને સોમપુર મૂકી આવ્યો. ત્યાં દુર્ગા પણ આવી પહોંચ્યો. તેણે ગુરુજીની દેખભાળ સંભાળી લીધી. તે સવારસાંજ નિગમશંકરને નદીકાંઠે લઈ જતો. તેઓ ત્યાં નહાતા. ગુરુ-શિષ્ય જ્ઞાનની વાતો કરતા.

એક સાંજે ગુરુ-શિષ્ય નદીએ જવા નીકળ્યા. નિગમશંકરને દિશાએ જવું હતું. દુર્ગાએ તેમને ઝાડીમાં મોકલ્યા. ત્યાં નિગમશંકરને સાપે ડંખ દીધો. તેમણે બૂમ પાડી. દુર્ગો દોડતો આવ્યો. ગુરુને સાપ કરડ્યો છે તે જોઈને તે ગભરાઈ ગયો. અંધાપાને લીધે નિગમશંકર સાપ ન જોઈ શક્યા અને આ બનાવ બન્યો. દુર્ગા જેમતેમ ગુરુને ઊંચકીને યજ્ઞમંડપ સુધી લઈ ગયો. ઘણા લોકો ભેગા થઈ ગયા. મોટરમાં નાખીને નિગમશંકરને શહેરમાં, તેમને ઘેર લઈ ગયા. ભાગીરથીબા, તિલકે દુઃખ અને આઘાત અનુભવ્યાં. રમાનાથ, સત્યા, ગોરધનશેઠ, ઈક્ષા - બધાં ભેગાં થઈ ગયાં. વાતાવરણ પર નજીક આવી રહેલા મૃત્યુનો ઓછાયો ફરી વળ્યો. નિગમશંકર ઇશ્વરનું નામ લેતા અને વેદના મંત્રો બોલતા મૃત્યુ પામ્યા ત્યારે સૂર્ય ઊગી રહ્યો હતો, પણ

તિલકને લાગ્યું : સૂર્ય ડૂબી ગયો હતો. નિગમશંકર જે છેલ્લો વેદમંત્ર બોલ્યા તેમાં કુબેરને, સભાને ઉજાળે તેવા પુત્ર માટેની સોમદેવતાને પ્રાર્થના હતી.

□

ગોરધન શેઠે તિલકની નિમણૂક શહેરના ગ્રંથાલયના નવા ગ્રંથપાલ તરીકે કરી. પગાર માસિક ૧૭૫ રૂપિયા. તિલકે નક્કી કર્યું : આમાંથી દોઢસો રૂપિયા તે બાને ઘરખર્ચ પેટે આપશે અને બાકીના પચ્ચીસ રૂપિયામાંથી દર મહિને કાશીથી પોથીઓ-પુસ્તકો મંગાવશે. એ રીતે પચ્ચીસેક વર્ષે બાપુજીનો પુસ્તકભંડાર ફરીથી તૈયાર થશે.

ગ્રંથપાલ તરીકે તિલકે જૂના, જર્જરિત પુસ્તકાલયમાં નવા પ્રાણ પૂરવાની શરૂઆત કરી દીધી.

□

ભાગીરથીબાને ઘરકામમાં મદદ કરવા ઘરમાં સત્યાની અવરજવર થવા લાગી હતી. ઈક્ષા પણ આવતી.

એક રવિવારે તિલક ઘરમાં બેસીને મેઘદૂત વાંચતો હતો. ત્યાં સત્યા આવી ચડી. તેણે ભગીરથીબાને કીધું : 'બા, હવે તિલક માટે વહુ લાવો.' પછી તેણે ઉમેર્યું : 'જો કે તિલકનાં લગ્ન થઈ ચૂક્યાં છે -- "લાયબ્રેરીકુમારી" સાથે.'

પછી સત્યા એકાએક ગંભીર બની ગઈ. ભાગીરથીબા મંદિરે જવા નીકળી ગયાં પછી પણ તેનું મૌન તૂટ્યું નહિ. તિલકે વિસ્મયથી પૂછ્યું : 'સત્યા, હાસ્ય પછી મૌનનો ક્રમ છે?'

'ના, આંસુનો?' ઉદાસ થઈને સત્યા કહેવા લાગી : 'તિલક,

હવે બધું પૂરું થઈ ગયું... મારા કમનસીબે અને તારી ઉદાસીનતાએ બધું ચૂંથી નાખ્યું... એક વાર તેં પપ્પાજીને કહ્યું હોત તો કદાચ ઘણું શક્ય હતું.'

તિલકે કહ્યું : 'સત્યા, વિધિના નિર્માણને આપણે બદલી શકતાં નથી. મેં અસ્પષ્ટતા રાખી નહોતી.'

'તારી અસ્પષ્ટતા નહોતી તો મારીયે ક્યાં હતી તિલક? તારી ઉદાસીનતાથી મારા ઉમળકાનો છેદ ઊડી જતો નહોતો.'

તિલકને વિચાર આવ્યો : મારી ઉદાસીનતા અસ્પષ્ટ કે અકારણ નથી. સત્યાને હું મારા અંધકારમય ભાવિમાં સહભાગી બનાવવામાંથી ઉગારી લેવા ઇચ્છું છું. મારે તેને આપવો હોય તો સૂર્ય આપવો જોઈએ; તેનો અભાવ હું તેને શા માટે આપું? સત્યાના સાનિધ્યમાં જીવન વિતાવવાની મને ઝંખના છે. મારા અભાવગ્રસ્ત જીવનમાં તેનો પ્રવેશ આખું આકાશ લઈ આવે, પણ મારે નર્યા સ્વાર્થી ન બનવું જોઈએ. સત્યાની આવતીકાલનોયે મારે વિચાર કરવો જોઈએ.

પછી તિલકે સત્યાને કહ્યું : 'સત્યા, હું એક મોટી શારીરિક ઊણપ સાથે જન્મ્યો છું. તેણે સતત મારી ગતિને રૂંધી છે. મારા મન પર પણ તેનો મોટો, કાયમી ઓછાયો રહ્યો છે. હું તેનાથી મુક્ત થવા મથતો રહ્યો છું - પુસ્તકો, અભ્યાસ, સિતાર, ચિત્રો, કવિતા, કલ્પના, બાપુજી, બા, તું -- બધાં એ માટેનાં મારાં માધ્યમો છે. હું કશીક સમૃદ્ધિની શોધમાં છું, પણ તે દુન્વયી નથી બાપુજીનું જીવન મારી દીવાદાંડી છે. હું કદાચ અંધ થઈ જઇશ ત્યારે ય એ દીવાદાંડીને જોઈ શકીશ. હું અજવાળું શોધું છું અને તે મારી બહાર નથી તે હું જાણું છું.'


JAGDEEP SMART

પછી તિલકે ઉમેર્યું : 'સત્યા, તું બીજાં ભાગીરથીબા બની રહે તેમ હું જરાય ઇચ્છતો નથી.'

'તિલક, દુનિયામાં ભાગીરથીબા કાંઈ એક જ હોતાં નથી. આજે તો મારા સંજોગો અવળા પડ્યા છે, પણ ગમે ત્યારે ભાગીરથીબા બનવાની હું તૈયારી રાખીશ. એક બાજી મેં ગુમાવી હશે, પણ આની રમત હજી બાકી છે અને હું તે રમવાની છું - મારા જીવનના ભોગેય.'

સત્યાએ તિલકને વિગતો આપી : તેનાં લગ્ન અજય સાથે ગોઠવાયાં હતાં. અજય વેપારી હતો, મુંબઈમાં રહેતો હતો, ભવિષ્યે કદાચ વિદેશમાં પણ વસે. મહિના પછી લગ્નની તારીખ આવતી હતી.

'સત્યા, તારું શુભ હું હંમેશાં ઇચ્છતો આવ્યો છું.' તિલક ધીમા સાદે બોલ્યો.

સત્યાએ કહ્યું: 'તિલક, આ કંઈ છેલ્લું મિલન નથી. આપણો ઋણાનુબંધ પૂરો થયો નથી - હું તેને પૂરો પણ નહીં થવા દઉં. કદાચ ખરો ઋણાનુબંધ તો હવે શરૂ થશે.'

એક વાર તિલક સત્યાને ઘેર ગયો. તેણે તેને કહ્યું : 'સત્યા, તારી પાસેથી હું એક ગુણ શીખ્યો છું : હૃદયની સચ્ચાઈનો. હું તેને અપનાવવા મથીશ અને એ રીતે તેને પામીશ.'

'હું તને શી રીતે પામીશ? તને પુસ્તકોમાં ખૂબ રસ છે, ખરું ને? તો તિલક, હું વાંચીશ - ખૂબ વાંચીશ. એ રીતે તે રીતે તને પામતી રહીશ. વર્ષો પછી તને ક્યારેક મળીશ ત્યારે હું આજે છું એવી નહીં હોઉં - હું ઊધઈ બની ગઈ હોઈશ ઊધઈ!'

તિલક અને સત્યાએ પરસ્પરને ચુંબનો કર્યાં.

એક રાત્રે તિલક ગ્રંથાલયમાં હતો ત્યારે તેને એકાએક નૂપુરનો ઝંકાર સંભળાયો. સત્યા ત્યાં આવી હતી. તેણે ઝાકઝમાળ વસ્ત્રો અને ઘરેણાં પહેર્યાં હતાં. કેશમાં મોગરાની વેણી અને લાલ લાલ હોઠ--તે ખૂબ સોહામણી લાગતી હતી. તેને આવેલી જોઈને તિલકને બહું આશ્ચર્ય થયું. પછી તિલકે તેને પૂછ્યું : 'તું? અત્યારે? અહીં?'

'હા, તને મળવાનું મન રોકી ન શકી.'

'તને આમને આમ જોતો બેસી રહું તો શક્ય છે, મારી આંખોમાં બે નવા સૂરજ ઊગે.'

'હું એટલી સરસ લાગું છું?'

'હા, સત્યા, અજયને પણ તું તારી ઉત્તમ ક્ષણોમાં જ મળે--'

'મારું ઉત્તમ મેં તારે માટે રાખ્યું છે. હું તારી શ્રેષ્ઠ પળોને પામવા ઇચ્છું છું.'

'હું તારા જેટલો સોહામણો નથી.'

'તારો પ્રેમ સોહામણો છે.'

'મોડું થઈ ગયું છે સત્યા — બધી રીતે.'

'એક પળ ક્યારેય મોડી પડતી નથી.'

'તારા મનમાં આજે શું છે સત્યા?'

'તિલક, તારા લોહીમાં સૈકાઓનો વારસો વહે છે. સદીઓની સંસ્કૃતિના કણોથી તારો પિંડ બંધાયેલો છે. હું અહીંથી સાવ જુદી દુનિયામાં જઈ રહી છું. ત્યાં તું નહિ હોય, તારી આ લાયબ્રેરી નહિ હોય, મારું પોતીકું લાગે તેવું ઘર નહિ હોય. ભાગીરથીબાની હેતાળ છાયા નહિ હોય, તારા બાપુજીનું તપ નહિ હોય, આપણી માટીની સુગંધ નહિ હોય. ત્યાં તો હશે

આધુનિક, ચમકીલી, પણ યાંત્રિક કૃત્રિમ દુનિયા.... રાતદિવસ વધારે પૈસા કમાવાની વાતો હશે. તૂટેલા તરાપા જેવી આંખોથી એ વિદ્યાનો આખો દરિયો ખૂંદવાનાં તારાં બાથોડિયાં ત્યાં નહિ હોય.'

'સત્યા હું તને ઓળખવામાં મોડો પડ્યો.'

'જે દુનિયાને હું છોડી જઈ રહી છું એ દુનિયાને હું મારી સાથે લઈ જવા માગું છું - તારા દ્વારા. હું કેક્ટસનાં જંગલ ભણી જઈ રહી છું, પણ ત્યાં પારિજાત ઉછેરવાનું મારું સ્વપ્ન છે. તું મને પારિજાત આપશે તિલક?'

'હું તો મને આપી શકું.'

'મારે એટલું જ જોઈએ છે.' કહીને સત્યાએ તિલકને ધીમે ધીમે પોતાની ભીતર સમાવી લીધો. છુટા પડતાં પહેલાં સત્યાએ કહ્યું : 'હવે હું ક્યાં એકલી છું? તું મારી સાથે જ છે.'

□

તિલકની એમ. એ.ની પરીક્ષાનું પરિણામ આવી ગયું. તે પહેલા વર્ગમાં સફળ થયો. ગુજરાતીના વિષયમાં આખી યુનિવર્સિટીમાં તેણે સૌથી વધુ માર્ક્સ મેળવ્યા. તેને તે બદલ સુવર્ણચંદ્રક મળતો હતો. પરિણામ જાણી તિલકને સૌ પ્રથમ ડૉ. શ્રીધર તાંજોરકર સાંભર્યા, જેમણે તિલકને તેની નબળી આંખોને કારણે અભ્યાસ છોડવાનું કહ્યું હતું.

તિલકની આ સફળતાથી ઈક્ષા અને ગોરધનશેઠને બહુ આનંદ થયો. ઈક્ષાએ તિલકને શહેરની કૉલેજમાં અધ્યાપકની નોકરી મળવાની શક્યતાનો ઉલ્લેખ કર્યો, પણ તિલકે તો ગ્રંથપાલની કામગીરીને જ વળગી રહેવના પોતાના નિર્ધારને દોહરાવ્યો,

કહ્યું : 'કાકા, ઈક્ષાબહેન, લાયબ્રેરી એ જ મારી કૉલેજ અને યુનિવર્સિટી. વાચકો એ જ મારા વિદ્યાર્થીઓ. હું પણ હંમેશાંનો એક વિદ્યાર્થી. અને હજારો પુસ્તકો એ જ મારા ગુરુઓ!'

ઈક્ષા અને ગોરધનશેઠનું તિલક પાસે કાંઈ ન ચાલ્યું. શેઠે ઈક્ષાનાં ડૉ. સજલ શાહ નામના એક સેવાભાવી યુવાન તબીબ સાથેના વેવિશાળની શક્યતાની વાત કરી.

□

અજય સાથે લગ્ન કરીને મુંબઈ ગયેલી સત્યાએ તિલકને કેટલાક મહિનાઓના ગાળામાં ત્રણ પત્ર લખ્યા. પહેલા પત્રમાંનાં થોડાંક વાક્યો આ પ્રમાણે હતાં: 'તિલુ, આપણા શહેરની નદી અને અહીંના દરિયા વચ્ચે જેટલો તફાવત છે તેટલો જ મારી ગઈ કાલ અને આજ વચ્ચે છે. આવતી કાલ કદાચ વધારે અલગ પણ નીવડે. હું નદી છોડીને દરિયાની નજીક આવી છું, પણ મારે તેમાં સમાઈ જવું નથી. વખત આવ્યે હું રણમાં શોષાઈ જવાનું પસંદ કરીશ, પણ મારે દરિયાની ખારાશમાં મારા અસ્તિત્વને ઓગાળી દેવું નથી.'

બીજા પત્રમાં સત્યાએ તિલકને સમાચાર આપ્યા: તે સગર્ભા હતી. ત્રીજા પત્રમાં તેને પુત્ર જન્મ્યો હોવાની વાત લખેલી હતી. સત્યાએ તેના દીકરાનું નામ પાડ્યું : પર્જન્ય. પત્રમાં સત્યાએ પર્જન્યની ભુખરી, ક્યાંક દિગંતમાં તાકી રહેલી હોય તેવી આંખોનો ઉલ્લેખ કર્યો. અજય અમેરિકા વસવા માટેના પ્રયત્નો કરતો હતો તે પણ તેણે લખ્યું. તિલકે એક પણ પત્રનો ઉત્તર ન લખ્યો. માત્ર તેની મનોવેદના વધતી રહી.

□

એક દિવસ ઈક્ષાએ તિલકને પોતાની ડાયરી વાંચવા આપી. તેમાં ડૉ. સજલ શાહ સાથે ગોઠવાયેલી પોતાની મુલાકાતની વાત લખેલી હતી. સજલ ઉત્તર ગુજરાતના આદિવાસી વિસ્તારના એક ડુંગરાળ ગામમાં નાનકડું દવાખાનું ચલાવી આદિવાસીઓની સેવામાં છેલ્લાં પાંચેક વર્ષથી ખૂંપી ગયો હતો. તે આધુનિક સુખ-સગવડો વિનાનું જીવન જીવતો હતો, પણ તેને તેનાથી સંતોષ હતો. એવું જીવન ઈક્ષાને માફક નહિ આવે તેવી સજલે તેને ચેતવણી આપી. ઈક્ષાએ તિલકનો અભિપ્રાય માગ્યો. તિલકે કહ્યું : 'તમારી જગ્યાએ હું હોઉં તો સજલને પસંદ કરું.'

ઈક્ષા અને સજલનાં લગ્ન લેવાયાં. પ્રસંગ બહુ જ સાદાઈથી આટોપાયો. આદિવાસીઓમાં રતાંધળાપણાનો રોગ બહુ ફેલાયેલો છે તે જાણીને ગોરધનશેઠે તે રોગની નાબૂદીનું કામ કરવા માટે એક ટ્રસ્ટ રચવાની તૈયારી બતાવી. નિગમશંકરની સ્મૃતિમાં તેને 'નિગમ નેત્રરોગ નિવારક ટ્રસ્ટ' એવું નામ આપવાનું સૂચન કર્યું. એ જાણી તિલકે ઈક્ષાને કહ્યું : 'બહેન, તમારા લગ્નપ્રસંગે કાકાએ તો અમારે માટે ધન્યતાનું ટાણું રચી આપ્યું.'

લગ્ન પછી તિલકે સજલને કહ્યું : 'હું ક્યારેક તમારા મુલકમાં આવીશ. મારે તમારું ગામ અને કામ જોવાં છે.'

ભાગીરથીબા હમણાંનાં બહુ ઉદાસ અને અજંપ રહેતાં હતાં. તેમને નિગમશંકર વારંવાર સાંભરતા હતા. તેમનું મન ફેર થાય તે માટે તિલકે તેમને જાત્રા કરવા લઈ જવાનું સૂચવ્યું. ભાગીરથીબાએ કુળદેવતા વિરક્તેશ્વર મહાદેવને મંદિરે જવાની ઇચ્છા બતાવી. એક દિવસ મા-દીકરો ચાલી નીકળ્યાં. આગગાડી,

મોટર બસ અને પગપાળા પ્રવાસ કરીને તેઓ મંદિરે પહોંચ્યાં. ભગીરથીબાથી બોલાઈ ગયું : 'કાલ ઊઠીને તું લગ્ન કરશે, ઘરમાં વહુ આવશે. તારા દીકરાનું મોં જોઈને હું સુખેથી મરીશ.'

'અશક્ય! અસંભવિત છે બધું!' તિલક આક્રોશી ઊઠ્યો.

'તું જોજે! હું હું જીવતી હોઈશ તો તને અને તારી વહુને અહીં પગે લગાડવા લઈ આવીશ.'

મા-દીકરો સાંજે નદીકાંઠે ગયાં. ત્યાં ભાગીરથીબાએ ફરીથી તિલકના લગ્નની વાત કાઢી, એટલે તિલકે સાફ કહી દીધું :

'ખોટી આશામાં ન રહે બા! હું ક્યારેય લગ્ન કરવાનો નથી, તારા ઘરમાં કદી કોઈ વહુ નહિ આવે, આપણો વંશ મારાથી જ અટકી જશે. અંધકારનો વળી વિસ્તાર શા સારુ?'

ભાગીરથીબાના રુદનના બંધ તૂટી ગયા.

છેક મોડી રાતે તિલકે જોયું તો ભાગીરથીબા મંદિરની ધર્મશાળાની તેમની ઓરડીમાં તેમની પથારીમાં નહોતાં. તિલકને ફાળ પડી. તે આસપાસ બધે જોઈ વળ્યો. ભાગીરથીબા ન વર્તાયાં. તે ઘોર અંધારામાં ઠોકરો ખાતો, કાંટા-કાંકરા વેઠતો નદી કાંઠે દોડ્યો. ત્યાં તેણે માને જોઈ: તે પાણીમાં આગળને આગળ વધતી જતી હતી. ગળાબૂડ પાણી સુધી ભાગીરથીબા પહોંચી ગયેલાં. તિલકને માનો ઇરાદો સમજાયો. તેણે એમને ઉગારી લીધાં. ખૂબ રડી લીધા પછી માએ કહ્યું : 'તિલક, તેં મને મરવા કેમ ન દીધી! સાંજે તેં અહીં જે બોલ કાઢ્યા તે પછી મારે માટે જીવવા જોગું રહ્યું છે શું? એક તારે આધારે જીવું છું. તેં છેહ દેવા જેવું કર્યું.'

'આટલો બધો રોષ? ને તે તારા દીકરા પર?'

'આ રોષ નથી ભાઈ, દુઃખ છે.'

'હું લગ્ન ન કરું, ઘરમાં વહુ ન આવે, વંશ આગળ ન વધે તે શું એવડું મોટું દુઃખ છે કે તારે જીવ કાઢી આપવો પડે?'

'તારા બાપુજીનો વારસો.... તારામાં તો તે ઉતર્યો... પણ એ અમરવેલ શું અહીં જ અટકી જશે?' પછી તેમણે પૂછ્યું, 'સત્યા શી ખોટી હતી?'

તિલકનું કાળજું ઉભડક થઈ ગયું. તે રણઝણી ઊઠ્યો.

'તેં સત્યા સાથે લગ્ન કર્યાં હોત તો આજે આપણે આંગણે મજાનો દીકરો રમતો હોત. મોટો થઈને તે તારાથી યે સવાયો....'

બાના આ શબ્દો તિલકને રૂંવેરૂંવે ડામ દઈ ગયા.

ભાગીરથીબાએ છેલ્લો ડામ દીધો : 'સત્યાને તેં શા સારું ઠેલી? તું માણસમાં તો છે ને?'

તિલકે હવે માને બધી વાત કહી દેવાનો નિર્ણય કર્યો, તે બોલ્યો : 'સત્યા મારી સાથે લગ્ન કરવા બહુ રાજી હતી, પણ તેને મેં નકારી તેનું એક જ કારણ હતું : સત્યા સત્યા જ રહે, બીજી ભાગીરથીબા ન બને તેવી મારી સાચેસાચી ઇચ્છા હતી. તારી જેમ સત્યાએ ભવિષ્યે એક અંધ માણસ વેંઢારવો ન પડે તેવી મારી ખેવના....

પછી તિલકે પોતાની જાંઘનો જખમ ઉઘાડતાં માને કહ્યું : 'સત્યાનાં લગ્ન બીજે દિવસે થવાનાં હતાં. રાત્રે હું લાયબ્રેરીમાં હતો. સત્યા વીજળીની જેમ ત્યાં આવી ચઢી. તેણે સામે ચાલીને તેની જાત મને સોંપી દીધી. ના, બા, સત્યાને હલકી સ્ત્રી માની લેવાની ભૂલ ન કરતી. અમરવેલના વારસા માટે તેને ભારોભાર માન હતું. એટલા માટે થઈને તેણે પોતાની જાત....' પછી તેણે

ઉમેર્યું : 'અને બા, સત્યાની ગોદમાં આજે પર્જન્ય છે.'

'હવે મારે મરવું નથી દીકરા!' ભાગીરથીબા બોલી ઊઠ્યાં.

□

તિલકની ધગશ અને ગોરધનશેઠની વ્યવહારુ બુદ્ધિને પ્રતાપે છેવટે ગ્રંથાલયનું નવું, અદ્યતન, વિશાળ મકાન સાકાર થયું. તિલકે થોડાં થોડાં કરીને જે પોથીઓ અને ગ્રંથો પોતાના ઘરમાં ભેગાં કર્યાં હતાં તે પણ તેણે નવા પુસ્તકાલયને આપી દીધાં. એ પુસ્તકો-પોથીઓને સમાવતાં કબાટો એક ઓરડામાં ગોઠવાતાં હતાં ત્યારે ગોરધન શેઠે કહ્યું : 'આનું નામ નિગમ પ્રાચ્યવિદ્યા વિભાગ' રાખશું. એ રીતે નિગમશંકરનો પૂરમાં નાશ પામેલો પુસ્તકભંડાર કેટલેક અંશે નવું જીવન પામ્યો.

નવા પુસ્તકાલયનું મંગળ ઉદ્‌ઘાટન પ્રસિદ્ધ કવિ અને ચિંતક કૃષ્ણ દ્વૈપાયનને હાથે કરાવવાનું ઠર્યું. તિલક અને ગોરધનશેઠે તે માટે કૃષ્ણજીને આમંત્રણ આપ્યું. તેમણે તેનો સ્વીકાર કર્યો. તેઓ આવ્યા. તિલકના જીવનની આ ધન્ય ઘડી હતી. વાતમાંથી વાત નીકળતાં તિલકે પોતાની નબળી આંખોને સંદર્ભે કૃષ્ણજીને કહ્યું : 'જ્યારે મારી રાત પડશે ત્યારે હું ધૃતરાષ્ટ્ર નહિ બનું; સુરદાસ બનવાની મથામણ કરીશ.'

પુસ્તકાલયના ઉદ્‌ઘાટન પછી કૃષ્ણજી ત્યાં બેત્રણ દિવસ રોકાયા. ચાળીસથી વધુ વર્ષ પહેલાં, વીસેક વર્ષની ઉંમરે, દેશના આઝાદીસંગ્રામમાં મહાત્મા ગાંધીજીનો સંદેશ લોકો સુધી પહોંચાડવા તેઓ આ પ્રદેશમાં આવ્યા હતા. તેમને ફરીથી ત્યાં જવાની ઇચ્છા થઈ. તેમણે મોટરગાડી નહિ પણ હોડી પસંદ કરી. નદીના પ્રવાહમાં કૃષ્ણજી સાથે તિલક અને ઈક્ષા પણ

જોડાયાં.

પ્રવાસ દરમ્યાન કૃષ્ણજી સ્વતંત્રતાની લડતનાં સ્મરણોમાં ખોવાતા રહ્યા.

'કૃષ્ણજી, આપ તો ઘણીવાર બાપુને મળ્યા હશો.' ઈક્ષાએ પૂછ્યું.

'એ સદ્ભાગ્ય હતું મારું-અમારું.' કૃષ્ણજીની આંખોમાં ચમક વર્તાઈ.

'તેમની કોઈ એક જ વાત કે ઘટના કે અનુભવ આપે ટાંકવાનાં હોય તો આપ ક્યાં -' તિલકે ઈક્ષાનો પ્રશ્ન પૂરો કર્યો.

કૃષ્ણજીએ કહ્યું : 'એ ગાંધીજીનો મૌન વાર હતો. હું તેમને મળવા ગયો. પ્રણામ કરી બેઠો. તેમણે સ્લેટ પર લખ્યું : "માત્ર કાલિદાસ ન થતા; વ્યાસ કે વાલ્મીકિ થજો." બસ, મુલાકાત પૂરી થઈ. સ્લેટ પરનું લખાણ ભૂંસાઈ ગયું; મારા હૃદયમાં શિલાલેખ બન્યું.'

કૃષ્ણ દ્વૈપાયન દેશની વર્તમાન સ્થિતિથી ઘણા વ્યથિત હતા. તેમણે તિલકને કહ્યું :

'જિંદગીની પહેલી દોડમાં અમને આધાર મળ્યો હતો સધ્ધર, નક્કર, છોડ્યો છૂટે નહિ તેવો.'

'હજારો લાખોએ તે છોડી દીધો કૃષ્ણજી!'

'અને થોડાકોએ એ આધાર પ્રાણપણે ટકાવ્યો છે - દીપાવ્યો પણ છે. કૃષ્ણ જેવા કૃષ્ણને પણ તેમના જ કુળના યાદવો ન ગાંઠ્યા; ગાંધીની શી વિસાત? યાદવકુળ કદી નિર્વંશ નથી જતું ભાઈ!'

હોડી કાંઠે લંગારી. પાસે નાનકડું ગામ હતું. ગામ કૃષ્ણજીનું

જાણીતું નીકળ્યું. વર્ષો પહેલાં તેઓ સ્વરાજની લડતની પત્રિકાઓ વહેંચવા અને ગાંધીગીતો ગાવા આ તરફ આવ્યા હતા. ગામના ચોરા પર ફેલાયેલા વડના ઝાડની ઊંચી ડાળે ચઢીને તેમણે ત્રિરંગો ધ્વજ લહેરાવ્યો હતો. ત્યાં પોલીસ દોડી આવી હતી. તેણે ધ્વજ ઉતારીને ચૂંથી નાખ્યો હતો અને ધ્વજ ચડાવનાર પર લાઠીઓ વરસાવી હતી. માથામાંથી લોહીની ધાર ફૂટી હતી, પણ હોઠો પર એક જ નાદ હતો : 'વન્દે માતરમ્...!'

રાત પડી. હોડી ચાલ્યે જતી હતી. તિલકની આંખોમાં ઊંઘ ન હતી. કૃષ્ણજી અસ્વસ્થ હતા. સગર્ભા ઈક્ષાને દૂર ડુંગરાળ મુલકમાં વસી કઠણ જીવન ગુજારતા સજલની બહુ યાદ આવતી હતી. તે કૃષ્ણજીનું જ રચેલું ગીત ગાઈ ઊઠી :

'મને ચૈતરની ચાંદની બોલાવે,
આષાઢ મારો આંસુભીનો રે લોલ!'

કૃષ્ણજી તેની પાસે આવ્યા. સજલ ઉત્તર ગુજરાતના જે આદિવાસી વિસ્તારમાં તબીબી સેવા અને બીજું સમાજકાર્ય કરી રહ્યો હતો તે જ વિસ્તારમાં કૃષ્ણજીનું બાળપણ વીત્યું હતું, તેથી તેમણે ઈક્ષાને કહ્યું : 'ઈક્ષા, આજે તું સજલની, તારી, ગામની, લોકોની, પહાડોની, ત્યાંના આકાશની, વૃક્ષોની, ઝૂંપડીઓની વાત કર્યા કરશે? મારે મારા બાળપણમાં જવું છે.'

અને ઈક્ષા વહી નીકળી. તેણે અખૂટ વાતો કર્યે રાખી — ડુંગરા, નદી, બંધ, રાસબિહારીનું મંદિર, ઝૂંપડાં, માટીનાં ઘરો, આદિવાસી લોકોના કાળા કરચલીવાળા ચહેરા, શરૂઆતમાં ન સમજાય તેવી બોલી, સર્પોની જાતો, મકાઈ, હોળીના રંગ અને ઢોલ, મહુડાં, અજાણ્યાં દેવદેવીઓ, વહેમો, ભૂવાઓના હાકોટા,

હત્યાઓ, દર્દીઓને જોઈને સજલની આંખોમાં ઉભરાતી કરુણા, ઘડો પાણી લેવા માટે માઇલો સુધી જતી-આવતી આદિવાસી સ્ત્રીઓ, ઠેકેદારોના જુલ્મો, કપાઈ જતાં વૃક્ષોની વાતો.....

તિલક સત્યાની યાદથી ઘેરાઈ ગયો હતો. તેણે કૃષ્ણજીને કહ્યું : 'મને ત્રણેય કાળ નર્યા અંધકારમય લાગે છે કૃષ્ણજી! ગર્ભનો અંધકાર, સંશયોનો અંધકાર અને મૃત્યુનું અંધારું.'

'કોઇક કારી ઘા વેઠ્યો છે તેં ભાઈ?'

'હજીયે વેઠી રહ્યો છું, વેઠીશ - છેલ્લે સુધી, પણ ઝૂઝીશ તૂટી નહિ જાઉં.'

'એમાં જ માણસ તરીકેની આપણી વશેકાઈ છે. ઘામાંથી ગુલાબ ઉગાડીએ ત્યારે જ આપણે માણસ. વીંધ વિના વાંસળી ક્યાં વાગે છે?'

'આપની વાતોમાંથી સમાધાન મળે છે, શ્રદ્ધા નથી બંધાતી.'

'અમારી પેઢીનો વિચાર કર તિલક! કેવો મહાન સારથિ અમને મળ્યો હતો! જાતે જ તેને ખોયો. કેવાં ભવ્ય સ્વપ્નો સેવ્યાં હતાં! એક પછી એક તૂટતાં ગયાં. એક વ્યક્તિની વેદના કરતાં એક આખી પેઢીની વેદના ઓછી વજનદાર હશે? ભાઈ, વ્યક્તિના વિષાદને વિશ્વના વિષાદમાં ઓગાળવો જ રહ્યો.' કૃષ્ણજીએ વાત પૂરી કરી.

બીજી સવારે હોડી શહેરના નદીકાંઠે પહોંચી ત્યારે સમાચાર મળ્યા : ભાગીરથીબાને હૃદયરોગનો હુમલો આવ્યો અને તેઓ હૉસ્પિટલમાં હતાં. બધાં તરત હૉસ્પિટલમાં દોડ્યાં. ભાગીરથીબા તિલકનું જ રટણ કરતાં હતાં. અડધીપડધી સભાન અવસ્થામાં ઝૂલતાં મા નિગમશંકરને પણ સંભારતાં હતાં. પછી અચાનક

તેમના મુખે સત્યા અને પર્જન્યનાં નામ આવ્યાં. તિલક ચમકી ગયો. હરિનામ સ્મરણ કરતાં કરતાં માએ દેહ છોડ્યો. તિલક ઊંડી વેદનામાં ફંગોળાયો. કૃષ્ણજીએ તેને સાંત્વન આપતાં કહ્યું : 'જે જગન્માતા છે તેનું મૃત્યુ નથી તિલક! તેના જવાનો શોક ન હોય.'

મૃતદેહને હૉસ્પિટલથી ઘેર લવાયો. રાત્રે કૃષ્ણજી ફરીથી તિલકને મળવા આવ્યા. તેમણે કહ્યું : 'સ્ત્રી મૂળ મા છે. જે હેત ઢોળે છે તે મા છે, અને સ્ત્રી પાસે તો હેતનું અક્ષયપાત્ર છે. મા બધી જ સરખી. બધી માતાઓ મળીને જગન્માતા રચાય છે.'

નદીકાંઠે માના શરીરને અગ્નિદાહ દેવાયો. તે પછી કૃષ્ણજીએ તિલકને કહ્યું : 'ઋગવેદમાં માતા વિશેની એક પ્રાર્થના છે. તેમાં માતાને ઉદ્દેશીને કહેવાયું છે : તારું રક્ષણ પામીને એક વૃક્ષ નીચે આવતા હોય એમ અમે તારી પાસે આવીએ.'

'મારે માટે સમગ્ર ભૂમિ હવે વૃક્ષ વિનાની બની છે કૃષ્ણજી!'

'ના, તિલક! મા એટલે શ્રદ્ધા. તે આપણી પાસે હોય છે, આપણી પાસે આવતી રહે છે, ન કલ્પેલા સ્વરૂપે પણ તે આપણી પાસે આવતી હોય છે - આવશે, આવશે જ.'

'મા હવે કયે સ્વરૂપે મારી પાસે આવશે? મને હવે કયું વૃક્ષ મળશે?'

'એ કોઈ જાણતું નથી. બીજ વવાયું હશે તો વૃક્ષ ઊગશે જ. વૃક્ષ સ્થિર છે, પણ એનાં મૂળને ચરણો મળ્યાં છે, તેથી તો વૃક્ષનો છાંયડો વિસ્તરે છે, વિસ્તરશે--તારા સુધી--મૂળ અને છાયંડારૂપે વૃક્ષ તને મળશે. તું ધીરજ રાખજે, સ્વસ્થ રહેજે. મા આવશે -- વૃક્ષ સ્વરૂપે.'

શહેર છોડતાં પહેલાં કૃષ્ણજી ફરી એકવાર તિલકને મળવા આવ્યા. જતાં જતાં તેમણે તેને કહ્યું :

'માતાનું વૃક્ષત્વ અને વૃક્ષનું માતૃત્વ એ વાત તું ભૂલતો નહિ. વૃક્ષ તારી પાસે આવે તો તેને તું અપનાવી લેજે. દુનિયાદારીના વિધિનિષેધોને ગણકારતો નહિ. વૃક્ષ એટલે પ્રેમ અને પ્રેમને કોઈ પણ સ્વરૂપમાં ખાળવાનો હક છે.'

□

પીએચ. ડી. ની પદવી પ્રાપ્ત કરવા માટે તિલકે તેના મહાનિબંધનું કામ શરૂ કર્યું. તેનો વિષય હતો : 'ગુજરાતી સાહિત્ય પર આદિવાસીઓની અસર'. તિલકે પોતાની આંખો પાસે અઢળક કામ લેવા માંડ્યું. એક દિવસ તે મહાનિબંધનું લેખનકાર્ય કરવા બેઠો ત્યાં તેને પોતાની આંખો સમક્ષ કાળાં ટપકાં અને તાંતણા વર્તાયાં. આંખો વધુ બગડવાની તેને ફાળ પડી.

તેનો મદદનીશ હેમંત તેને ડૉ. આલોક સરદેસાઈ પાસે લઈ ગયો. યુવાન નેત્રચિકિત્સકે સમભાવ અને આદરથી તેની આંખો તપાસીને કહ્યું : 'આપની આંખો સામે તત્કાળ કશું જોખમ નથી, પણ આંખો મૂળથી જ નબળી છે તેથી કાળજી રાખવી પડશે. આપ વાંચવા લખવાનું બંધ કરો.'

'પણ ડૉક્ટરેટના મારા અભ્યાસનું શું?' તિલકે પ્રશ્ન કર્યો.

એ રાત્રે પોતાને ત્યાં ભોજન માટે આવવાનું ડૉ. આલોકે તિલકને નિમંત્રણ આપ્યું. આલોકની પત્ની માધવીએ સ્નેહથી તેનું સ્વાગત કર્યું. તબીબ દંપતીના પુત્ર પાર્થને જોઈને તિલકને પર્જન્ય સાંભર્યો. માધવી સરસ સિતાર વગાડતી હતી, આલોક તબલામાં પારંગત હતો. ભોજન પૂરું થયા પછી બંનેએ સંગીત

રજૂ કર્યું. તિલકને અભિજિતની સિતાર અને સત્યાનાં તોફાન યાદ આવ્યાં. આલોક અને માધવીએ તિલકને પોતાનો બંગલો બતાવ્યો. દીવાલ પર એક તૈલચિત્ર હતું. આલોકે કહ્યું : 'આ મારા નાનાજી છે. આ જ શહેરમાં વર્ષો પહેલાં તેઓ આંખના દાક્તર હતા.'

'એમનું નામ ડૉ. શ્રીધર તાંજોરકર હતું?' તિલકે પૂછ્યું.

'હા, આપ તેમને ઓળખતા હતા?' આલોક ચકિત થઈને બોલ્યો. તિલકે કાંઈ ઉત્તર ન આપ્યો. બાળપણમાં એ જ દાક્તરે તેને તેની આંખો તપાસી નિશાળેથી ઊઠી જવાની કઠોર ચેતવણી આપી હતી. તિલકને લાગ્યું : તેની નસેનસમાં અંધકારના ઘોડાઓની મોટી ફોજ ધસમસી રહી હતી.

□

આદિવાસીઓના જીવનનો પ્રત્યક્ષ પરિચય મેળવવા માટે તિલકે સજલ અને ઈક્ષા જ્યાં રહેતાં હતાં તે ડુંગરાળ ગામે જવાનું નક્કી કર્યું. તે ત્યાં પહોંચ્યો. સજલની સાથે ફરીફરીને તેણે આદિવાસીઓના જીવનનાં સંઘર્ષ, ગરીબી, ભૂખ, રોગ, વહેમ, શોષણ, વગેરેની જાણકારી મેળવવા માંડી. સાથે તેણે તેનો મહાનિબંધ લખવાનું કામ પણ આગળ વધાર્યું.

અહીંના રોકાણમાં તિલક ઈક્ષાનો ઉચાટ પારખી ગયો. તેણે પૂછ્યું એટલે ઈક્ષાએ હૃદય ખોલ્યું. આદિવાસીઓની તબીબી સેવા કરતાં કરતાં સજલ અહીંનો સક્રિય સામાજિક કાર્યકર પણ બન્યો હતો. તેણે આદિવાસીઓને સંગઠિત કર્યા હતા. આ બધું શોષણખોર રાજકારણીઓને કઠતું હતું. ચકુભાઈ એમાં મોખરે હતા. સજલ તેમની સાથે સંઘર્ષમાં ઊતર્યો હતો. ચકુભાઈ અને

તેમના માણસો સજલને સામ, દામ, દંડ અને ભેદથી ઝેર કરવાના પ્રયત્નો કરતા હતા. સજલ અને ઈક્ષાના દીકરાનું અપહરણ કરાવવાની તેઓએ નિષ્ફળ કોશિશ કરી જોઈ હતી. આ બધું છતાં સજલ ગરીબોની સેવા અને શોષણમુક્તિના ધ્યેયમાં અડગ રહ્યો હતો. ઈક્ષાને અમંગળના ભણકારા વાગતા હતા. તિલકે તેને ધીરજ બંધાવી.

તિલકની આંખની પીડા વધતી ગઈ. એક રાતે મહાનિબંધનું લેખનકાર્ય કરતાં તેની ડાબી આંખમાંના સણકા અને ઝબકારા વધી પડ્યા. એક ક્ષણે તેની ડાબી આંખ સમક્ષ સંપૂર્ણ અંધારું પથરાઈ ગયું. ત્યારે અડધો સૂર્ય તો હવે ડૂબી ગયો - તિલકને તીવ્ર વેદના સાથે વિચાર આવ્યો. અડધો અસૂર્યલોક તેને માટે સાકાર થયો. હવે માત્ર બીજો અડધો અંશ શેષ -- તેમ અડધો પડધો. પરંતુ તેણે નક્કી કર્યું : ઈક્ષા અને સજલને આ ઘટના વિશે કાંઈ ન કહેવું અને પોતાનું લેખનકાર્ય ચાલુ રાખવું. જીવતરના યુદ્ધમાં છેલ્લા શ્વાસ સુધી લડવું જ પડે. ધ્વંસ શક્ય છે, પરાજય કે શરણાગતિ નહિ; તેણે નિર્ધાર કર્યો.

□

ગામ નજીકના રાસબિહારીના મંદિરની પાંચસોમી જયંતીનો ઉત્સવ હતો. તેમાં મુખ્ય અતિથિ તરીકે કૃષ્ણ દ્વૈપાયન આવ્યા. તિલક, સજલ અને ઈક્ષા તેમની સાથે મંદિરના ઉત્સવમાં જોડાયાં. રાધાકૃષ્ણનું મંદિર પહાડોની ગોદમાં વસેલું હતું. ઉત્સવ શરૂ થતાં પહેલાં સૌ નદીએ ગયાં. તિલકની જમણી આંખે પણ હવે સણકા અને ઝબકારા થતા હતા. વ્યગ્ર તિલકે કૃષ્ણજીને પૂછ્યું : 'સંઘર્ષ એ જ આ દુનિયાનો નિયમ છે?'

'હા, ભાઈ, પૃથ્વી શાપિત છે; આપણે, મનુષ્યોએ તેને શાપિત બનાવી છે. તેને સંઘર્ષનો શાપ લાગ્યો છે. સંઘર્ષ સદ્ અને અસદ્ વચ્ચે છે.'

'તો પછી એવી પૃથ્વી ટકવી શા માટે જોઈએ?' ઈક્ષાએ આક્રોશથી પૂછ્યું.

'તારા રોષને હું અયોગ્ય નહિ કહું. મહાભારત જ આ દુનિયાનું સત્ય છે. કૌરવો મર્યા, પણ કૌરવપણું અજરામર છે. આશ્વાસન એટલું કે માણસે બુરાઈ સામેનું યુદ્ધ છોડી દીધું નથી.'

'આ સંઘર્ષમાં પૃથ્વી એટલે કે સ્ત્રી, મા, દ્રૌપદી, સીતા સૌથી વધારે વેઠે છે,' ઈક્ષા બોલી ઊઠી : 'મને કોઈક અનિષ્ટના ભણકારા સંભળાય છે. તેમાં સહુથી વધારે વેદના મારે ભાગે આવવાની છે. હું તો તે વેઠી લઈશ. સીતા અને દ્રૌપદી બંને મારામાં છે.'

પછી તિલકે કૃષ્ણજીને પૂછ્યું : 'આ વિશ્વનું અંતિમ સત્ય શું છે? - અજવાળું કે અંધારું?'

કૃષ્ણજીએ જનકરાજા અને યાજ્ઞવલ્ક્ય ઋષિનો સંવાદ સંભારીને કહ્યું : 'જ્યારે સૂર્ય ડૂબે છે ત્યારે માણસ ચન્દ્રના ઉજાસને આધારે ચાલે છે. ચન્દ્ર પણ આથમે છે ત્યારે મનુષ્ય માટે અગ્નિ જ્યોતિરૂપ બને છે. તે પણ ન હોય ત્યારે માણસ અવાજથી દોરાઈને આગળ વધે છે. જ્યારે વાણી પણ નથી હોતી ત્યારે આત્મા પોતે જ્યોતિરૂપ હોય છે. આ વિશ્વનું અંતિમ સત્ય અજવાળું છે, કારણ કે પરમાત્મા પ્રકાશસ્વરૂપ છે અને વિશ્વનું મધ્યબિન્દુ પરમાત્મા છે.'

મંદિરનો ઉત્સવ આરંભાયો, ઢોલ, વાંસળી, મંજીરાં વગાડતાં હજારો આદિવાસીઓ તેમાં જોડાયાં. ચોપાસ ગુલાલ ઉડતો હતો.

મૂર્તિઓની આરતી ઉતારવાનો વિધિ પ્રારંભાયો. ઝળાંઝળાં અજવાળાં વચ્ચે તિલકની આંખોમાંના સણકા વધતા જતા હતા. લાવારસની ઝપટમાં ઝઝેલાઈ ગઈ તેની જમણી આંખ પણ! અને સંપૂર્ણ અંધકાર. તિલકના મનમાં સબાકા ઊઠ્યા : ક્યાં છો કૃષ્ણજી, આપ! ક્યાં છો રાસબિહારી, તમે? તમારાં મોરપિચ્છની રંગ-આભા મારાથી કેમ અ-દૃશ્ય?

મંદિરની ભીડમાં તિલક અટૂલો પડી ગયો, પણ પછી ઈક્ષાનો ભેટો થયો. તિલક કાંઈ જોઈ શકતો નહોતો તેનો ઈક્ષાને ખ્યાલ આવ્યો. તે હચમચી ગઈ. પછી બધાં ભેગાં થઈ ગયાં. ગામમાં કશી સગવડ નહોતી એટલે તિલકને બીજી સવારે તેને શહેર ખસેડવાનો નિર્ણય લેવાયો, ટ્રેનમાં તેની સાથે ઈક્ષા અને કૃષ્ણજી ગયાં. શહેર પહોંચ્યા પછી સૌ સીધાં ડૉ. આલોક સરદેસાઈની હૉસ્પિટલે ગયાં, તેને બધી વાત કરી. ડૉક્ટરે તિલકની આંખો કાળજીથી તપાસ્યા પછી કહ્યું : 'તિલકભાઈ આપની બંને આંખોના પડદા એટલે કે નેત્રપટલ ખસી ગયા છે.'

સહુ આઘાત પામ્યાં. તિલક અત્યાર સુધી તેણે મેળવેલા અને કેળવેલા જ્ઞાનને બળે સ્વસ્થ રહેવાનો પ્રયત્ન કરતો રહ્યો.

કૃષ્ણજી ચાલ્યા ગયા. ઈક્ષા બીજા થોડાક દિવસ ત્યાં રોકાઈ. તે હૉસ્પિટલમાં તિલકને પુસ્તકો વાંચી સંભળાવતી. પછી તે પણ તેને ગામ ગઈ. તિલક એકલો પડી ગયો. આલોક અને માધવી તેની પૂરેપૂરી કાળજી રાખતાં હતાં, પણ તિલકની આંખોની સ્થિતિમાં સુધારો ન વર્તાતાં આલોકે તિલકને મુંબઈ વધુ સારવાર માટે ડૉ. વિનાયક ગોરેની હૉસ્પિટલમાં ખસેડવાનો નિર્ણય કર્યો. મુંબઈનું નામ કાને પડતાં જ તિલકને સત્યા અને પર્જન્ય સાંભર્યાં.



ડૉ. ગોરેએ તિલકની આંખોની શસ્ત્રક્રિયા કરી, પણ ધારેલું પરિણામ ન આવ્યું. તિલકની ગયેલી દૃષ્ટિ પાછી ન ફરી. છેવટે હૉસ્પિટલમાંથી રજા લઈ તિલક આલોકની સાથે લિફ્ટ ભણી જતો હતો ત્યાં તેણે એક સાદ સાંભળ્યો :

'તું... તમે... તું તિલક છે?'

અને તે સાથે તેની તરફ ઝડપથી આવતાં પગલાંનો અવાજ. ફરીથી એ જ પ્રશ્ન, વધારે નજીકથી, વધારે ઉમળકાથી :

'તું... તમે... તું... તિલક જ છે ને?'

તિલક નખશિખ આંદોલિત થઈ ઊઠ્યો. તેણે પૂછ્યું :

'હા, હું... તિલક, પણ.. તમે... તું... તમે કોણ?'

'મને ન ઓળખી?' વળતો પ્રશ્ન પૂછાયો.

'મારી આંખો - હું કાંઈ, કોઈને જોઈ શકતો નથી.'

'હું સત્યા છું... તમે મને તો જોઈ જ શકશો તિલક!' અને બાકીના શબ્દો આંસુની ભીનાશમાં ડૂબી ગયા. પછી માંડ માંડ બોલાશ જાગ્યો : 'પર્જન્ય... દીકરા.... ઝટ અહીં આવ... જો, કોણ છે આ?'

તિલકને વીજળીના સબાકાની જેમ પ્રશ્ન થયો : આ સ્વપ્ન છે કે સત્ય?

એ સત્ય હતું.

આલોકની સંમતિથી સત્યા તિલકને લઈને મુલુંડમાંના પોતાના ફ્લેટમાં ગઈ. દાયકાઓ પછી બંને મળતાં હતાં. બંનેએ પરસ્પરને પોતાની વિતકકથા કહી. સત્યા અજય સાથે પરણી, પણ બંને વચ્ચે ઘણા મતભેદો હતા. અજયના ઘણા જુલ્મો સત્યા મૂંગે મોઢે વેઠતી રહી. અજયે અમેરિકા વસવાનું નક્કી કર્યું. સત્યાએ

તેને સાથ આપવાની ના પાડી. સત્યાના મનમાં અપરાધભાવનો બોધ હતો : તેણે અજયથી ઘણું છુપાવ્યું હતું. છેવટે તેણે સત્ય હતું તે બધું કહી દીધું : 'અજય, પર્જન્ય તારો દીકરો ન° અજય ગુસ્સે થયો, તેણે સત્યાને મારઝૂડ કરી. સત્યા શાંત અડગ રહી. પછી અજયે એક દિવસ સત્યા પાસે છૂટાછેડાના કાગળો પર સહી કરાવી લીધી અને તે વિદેશ ચાલ્યો ગયો. સત્યા નિરાધાર બની. તે કલકત્તા તેના પિતા રમાનાથ અને ભાઈ અભિજિત પાસે ગઈ. તેઓએ તેને આવકારી. સત્યાએ અધૂરો અભ્યાસ પૂરો કર્યો. તેને બેન્કમાં નોકરી મળી. અભિજિતે લગ્ન કર્યાં. તેની પત્નીએ સત્યા અને પર્જન્ય સાથે ખરાબ વર્તન કરવા માંડ્યું. સ્વમાની સત્યા ભાડાના મકાનમાં રહેવા ગઈ. પર્જન્યને શાળામાં દાખલ કરાવ્યો ત્યારે તેના પિતા તરીકે તેણે તિલકનું નામ લખાવ્યું. એ જ સચ્ચાઈ હતી. કેટલાંક વર્ષો પછી તેની બદલી મુંબઈ થઈ. ત્યારથી તે આ ફ્લેટમાં રહેતી હતી. પર્જન્ય સાથે. વર્ષો પહેલાં તિલકને તેણે વચન આપ્યું હતું તે પ્રમાણે તે સતત પુસ્તકો વાંચતી રહી હતી.

સત્યાએ તિલકને પોતાના જીવનની આ કથા કહી. તિલક તે સાંભળીને ભાવવિભોર બની ઊઠ્યો. હવે તે પર્જન્યને મળવા ઉત્સુક હતો. સત્યાએ તેને પર્જન્ય વિશે વાત કરી : પર્જન્ય બી.એ.ના છેલ્લા વર્ષમાં હતો. ફિલસૂફી અને સંસ્કૃતના વિષયોમાં તે ઘણો તેજસ્વી હતો. અભ્યાસમાં હંમેશાં પ્રથમ વર્ગ મેળવતો હતો. વેદાંતના વિષયમાં તો આખી કૉલેજમાં તે અજોડ હતો. તિલકને તેના બાપુજીના શબ્દો સાંભર્યા : હે સોમદેવતા, અમને કર્મવીર, ધીર, મંડળી અને સભાને માટે સક્ષમ પુત્ર આપો!

સત્યાએ તિલકને કહ્યું : 'મેં પર્જન્યને તારે વિશે, આપણા-સંબંધ વિષે ધીમે ધીમે બધું જ કહ્યું છે. તેને તારા પ્રત્યે ઘણું માન છે તિલક! તે કદી કોઈ ગ્રંથિથી પીડાયો નથી. બાપ અંગેની સમસ્યાથી મૂંઝાયો નથી. દુનિયા સામે એ ખુલ્લી છાતીએ ઊભો રહ્યો છે, ઘણીવાર તો તેણે મારું દુઃખ આંચકી લીધું છે.'

તિલક પર્જન્યને મળવા આતુર થઈ ઊઠ્યો – જો કે તે તેના એ પુત્રને હવે કદી જોઈ શકે તેમ ન હતો. નિગમશંકર પણ તિલકને જોઈ શક્યા ન હતા. પર્જન્ય ટ્યુશનક્લાસમાંથી આવ્યો. સત્યા બોલી : 'આવ પર્જન્ય, તારા પપ્પા ક્યારના તારી રાહ જુએ છે.'

તિલકનાં ચરણોને જુવાન હાથોનો સ્પર્શ થયો. તેના ખોળામાં એક માથું ટેકવાયું. તેણે એક સંબોધન સાંભળ્યું : 'પપ્પાજી....!'

'પર્જન્ય...! મારા દીકરા...!' કહી તિલકે પર્જન્યના શરીરે, તેના ચહેરા પર પોતાના બંને હાથ ફેરવવા માંડ્યા. અચાનક તે દાઝ્યો હોય તેમ તેના બંને હાથ પર્જન્યના બંને લમણા પાસેથી અળગા થઈ ગયા. તે ઉચાટભર્યા સ્વરે બોલી ઊઠ્યો : 'સત્યા, પર્જન્યને પણ ચશ્માં આવ્યાં છે?'

'હા, તિલક, તારી માફક.' સત્યાએ ઉત્તર આપ્યો, 'પર્જન્યની આંખો ડૉ. ગોરે પાસે તપાસાવવા માટે જ આજે સવારે અમે બંને આઈ-હૉસ્પિટલમાં આવ્યાં હતાં અને ત્યાં જ અચાનક તને મળવાનું થયું.'

તિલકને લાગ્યું એક કાળો પહાડ ઓરડામાં આવીને ખડકાઈ ગયો હતો.

□

ક્ષાનો ભય સાચો પડ્યો. લોહીતરસ્યા વિરોધીઓએ સજલને મોતને ઘાટ ઉતાર્યો. એક રાતે તે બહાર હતો ત્યારે ધારીયા વડે તેના પર હુમલો થયો. કસબાની હૉસ્પિટલમાં તેના પર શસ્ત્રક્રિયા કરાઈ, પણ તે બચી ન શક્યો. ઈક્ષાને માથે જાણે આભ તૂટી પડ્યું.

કેટલાક દિવસ પછી ઈક્ષા તેના પુત્ર કૃતાર્થ સાથે ગોરધનશેઠને ત્યાં આવી. ઈક્ષાને દિલાસો આપવા માટે કૃષ્ણજી પણ ત્યાં આવ્યા. તિલક મુંબઈ હતો. તે પણ સત્યા અને પર્જન્ય સાથે પોતાના શહેરમાં આવી પહોંચ્યો. સજલની હત્યાની જાણ થતાં સૌ શેઠની હવેલીએ ગયાં. વાતાવરણ અત્યંત શોકગ્રસ્ત હતું. સહુએ ઈક્ષાને આશ્વાસન આપ્યું, પણ તેનાં આંસુ અટકતાં ન હતાં. છેવટે કૃતાર્થનો આત્મવિશ્વાસ કામ કરી ગયો. તેણે ઈક્ષાને પૂછ્યું : 'મમ્મી, આપણે ગામ પાછાં ક્યારે જઈશું?'

'આપણે બેત્રણ દિવસમાં જ ગામ જઈશું હોં દીકરા!' ઈક્ષાએ જવાબ આપ્યો.

કૃષ્ણજી બોલ્યા : 'ભૂતકાળ કરતાં ભવિષ્ય હંમેશાં વધારે આશાજનક હોય છે. હવે તારે કોઈ વાતે ચિંતા કરવા જેવું નથી ઈક્ષા! કૃતાર્થ તારો, આખા પંથકનો દીવડો છે. તે સહુને ઉજાળશે.'

પછી કૃષ્ણજીએ ઈક્ષા અને સત્યાને કહ્યું : 'તમે બંને દ્રૌપદી અને સીતા જેવાં છો.' તેમણે તિલકને કહ્યું : 'વિશ્વનું અંતિમ સત્ય પ્રકાશ છે. પરમાત્મા પ્રકાશસ્વરૂપ છે અને આ વિશ્વનું મધ્યબિન્દુ પરમાત્મા છે. પરમાત્મા પોતે પ્રેમસ્વરૂપ છે અને પ્રેમથી ચઢિયાતો કોઈ પ્રકાશ નથી. તિલક, તને સત્યા અને

પર્જન્ય મળ્યાં તેથી તારી આંખોની શસ્ત્રક્રિયા સફળ થઈ એમ સમજજે.'

ખંડના દ્વારમાં પર્જન્ય અને કૃતાર્થ દેખાયા. તેઓને જોઈને ગોરધનશેઠ બોલ્યા : 'કેવા લવ-કુશ જેવા લાગે છે!'

પર્જન્યે તિલક સામે તેનું પુસ્તકાલય જોવાની ઇચ્છા દર્શાવી.

તિલક, સત્યા અને પર્જન્ય પુસતકાલયે પહોંચ્યા. પર્જન્યે ફરીફરીને ગ્રંથાલય જોયું. તિલકે કહ્યું : 'દીકરા, આ લાયબ્રેરી નથી, મારું તપોવન છે.'

'અને મારું તો આ મધુવન છે પર્જન્ય! આ મધુવનમાં જ મેં પારિજાત રોપ્યું હતું.' સત્યા બોલી -- મનોમન.

પર્જન્યે પુસ્તકાલયમાં કામ કરવાની ઇચ્છા દર્શાવી....

ઈક્ષા અને કૃતાર્થ ગામ જવા રવાના થયાં તે પહેલાં તિલકે કહ્યું : 'ઈક્ષાબહેન, સજલભાઈના દીવાને - ના, દીવાઓને અખંડ રાખજો.'

'હું પાછી પાની નહિ કરું ભાઈ!' ઈક્ષા બોલી. પછી તેણે સત્યાને કહ્યું : 'ભાભી, બંને દીવાઓને જાળવજો.' તે બોલી : 'કોઈ જીવ ન બાળશો, મારી ચિંતા ન કરશો. હું ધરતીમાં સમાઈ નહિ જાઉં; લંકાને બાળીશ.'

પર્જન્યે કૃતાર્થને પૂછ્યું : 'તું શું બનવાનો?'

'ડોક્ટર - મારા પપ્પાની માફક.' કૃતાર્થે જવાબ આપ્યો.

□

જગન્નાથજીના મંદિરમાં રથયાત્રાનો ઉત્સવ હતો. રથયાત્રાની આગલી રાતે કૃષ્ણ, બળરામ અને સુભદ્રાની મૂર્તિઓની આંખે પાટા બાંધવાનો અને રથયાત્રાની સવારે એ પાટા છોડવાનો રિવાજ



પરાપૂર્વથી ચાલ્યો આવતો હતો. નિગમશંકર અને ભાગીરથીબા જીવતાં હતાં ત્યાં સુધી તેઓ એ વિધિ કરતાં હતાં. આ વર્ષે એ વિધિ કોણ કરે તે પ્રશ્ન ઊભો થયો. સત્યા મૂર્તિઓની આંખે પાટા બાંધે અને છોડે તેવો વિચાર ગોરધન શેઠે દાખવ્યો, પણ રૂઢિજડ પૂજારી પ્રેમશંકરે તેનો વિરોધ કર્યો. સત્યા તિલકની કાયદેસરની ધર્મપત્ની નથી, લગ્ન વિના બંને સાથે રહે છે એમ કહી તેણે એલફેલ બોલવા માંડ્યું. શેઠના હુકમથી તે સત્યા, તિલક અને પર્જન્યને મંદિરમાં બોલાવી તો લાવ્યો, પણ ત્યાં ઉગ્ર સંઘર્ષ થયો. શેઠે કહ્યું : 'હું જાણું છું પ્રેમશંકર, સત્યા તિલકની વિધિસરની પત્ની નથી, પણ આ દુનિયાની લાખો કહેવાતી ધર્મપત્નીઓ કરતાં સત્યા વધારે પતિપરાયણ છે.'

પ્રેમશંકર અને બીજા ચારપાંચ જણાએ વધારે અપમાનજનક વર્તન કર્યું. તિલક બોલી ઊઠ્યો : 'કાકા, શા માટે આ વિખવાદ? નથી વેઠાતું સત્યાનું આ અપમાન.'

સત્યા લાલચોળ આંખે તિલકની પાસે આવી તેનો હાથ પકડી બોલી ઊઠી : 'તિલક, ચાલો, આપણે અહીંથી ચાલ્યાં જઈએ! આ મંદિર? આ ભક્તો? આ પૂજારી?'

પણ પર્જન્યે શાંત, સબળ સ્વરે કહ્યું : 'ના, મમ્મી, ના પપ્પા, આપણે એમ મેદાન છોડીને ચાલ્યા જવાનું નથી. જે આવી પડશે તેનો સામનો કરીશું. પીઠ નહિ બતાવીએ, નહિ તો મમ્મી તને ખોટું કલંક -'

કૃષ્ણજી ઉત્સવમાં ભાગ લેવા આવવાના હતા. તેઓ મંદિરમાં આવ્યા ત્યારે વાતાવરણ ઉગ્ર હતું. શેઠે તેમને પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો. કૃષ્ણજીએ સત્યાને કહ્યું : 'દીકરી, આગળ વધ. મૂર્તિઓની

આંખે પાટા બાંધી દે. કાલ સવારે રથયાત્રા શરૂ થાય તે પહેલાં પાટા પણ તારે જ છોડવાના છે.'

કેટલાક ભક્તોએ ફરીથી વાંધો ઊઠાવ્યો : 'આ બાઈ પરણેતર નથી.'

'રાધેકૃષ્ણ...! રાધેકૃષ્ણ...!' પ્રેમશંકર તિરસ્કારથી બોલ્યા. કૃષ્ણજીએ ભક્તસમુદાય તરફ ફરીને કહ્યું : 'રાધા અને કૃષ્ણ... પૂજારીજીએ કેવાં મધુર નામોનું સ્મરણ કર્યું! ભાઈઓ અને બહેનો, સાંભળી લ્યો એક વાત.... રાધા કૃષ્ણનાં ધર્મપત્ની નહોતાં, પ્રિય સખી હતાં. સોળસેં આઠ રાણીઓ દ્વારિકાના મહેલમાં હતી, રાધિકા કૃષ્ણના હ્રદયમાં વસેલાં હતાં. રાધા-કૃષ્ણ - મનુષ્યજાતિની પ્રેમ ભાવનાનું ઉત્તમ પ્રતીક... પ્રેમનું સગપણ સહુથી ઊંચું....'

સંઘર્ષ શમી ગયો. સત્યાએ મૂર્તિઓની આંખે પાટા બાંધ્યા.

બીજે દિવસે સવારે રથયાત્રા શરૂ થતાં પહેલાં સત્યાએ જ ત્રણે મૂર્તિઓની આંખો પરના પાટા છોડ્યા. રથયાત્રાનો પ્રારંભ થવાની ઘડી આવી પહોંચી. ગોરધનશેઠે ભક્તજનોને કહ્યું : 'રથનું પહેલું દોરડું તિલક ખેંચશે.'

તિલકે બળપૂર્વક દોરડું ખેંચ્યું. જયજયકારથી દિશાઓ ઊભરાઈ ઊઠી. રથનાં મોટાં પૈડાંઓએ કિચૂડાટ કર્યો. રથ આગળ વધ્યો - વધતો જ રહ્યો.

□

Lasertypeset at Rangdwar Prakashan,Ahmedabad-380015
and printed at Jupiter Offset Works,Delhi -110 032